અપીલ અરજી નં.૩૮૮, તા.૪–૩–૦૯

અરજદારઃ શ્રી ક્રાંતિ ક્રાઈમ
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ક્રાંતિ ક્રાઈમની તા.ર–૧–૦૯ ની અરજીથી સંજર નગર વિભાગ–૪ , ઉન તથા ઉધના ઉદ્યોગનગર રોડ નં.૮, સાંઈબાબા કમ્પાઉન્ડમાં તૈયાર થતાં બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૩–'૦૯ ની અપીલ અરજી નં.૩૮૮/ર૦૦૮–૦૯

શ્રી ક્રાંતિ ક્રાઈમની તા.ર–૧–૦૯ ની અરજીથી સંજર નગર વિભાગ–૪,ઉન તથા ઉધના ઉદ્યોગનગર રોડ નં.૮,સાંઈબાબા કમ્પાઉન્ડમાં તૈયાર થતાં બાંધકામ બાબતેમુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર ન મળવાના પ્રતિભાવથી નારાજ થઈ દિન–ર ના વિલબંથી એપેલેટ ઓફિસરને તા.૪–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૧ર૩૦ તા.૧૬–૩–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી સાઉથઝોન ઉધના/આ.નં.૯ર૭૧ તા.ર૬–૩–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે.

અરજદારની તા.ર–૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અરજદારને નિયત સમય મર્યાદામાં મળેલ ન હોય દિન–ર ના વિલંબથી તા.૪–૩–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દિન–પ૧ ના વિલંબથી સા.ઝોન/ટેક./આ.નં.૯૧૪૪ તા.ર૩–૩–૦૯ થી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી અરજદારને અપીલના તબકકે પૂરી પાડવામાં આવેલ છે જે અનુસાર મુદ્દા નં.ર માં અરજદારે મિલ્કત બાંધકામ શરૂ કરવા સુડાને જાણ કરતો તા.૬–પ–૦ર નો પત્ર તથા મુદ્દા નં.૪ અંગે મિલ્કતદાર સામે કરેલ કાર્યવાહી અંગે પત્ર નં.૬પ૦ર તા.ર૭–૧૧–૦૮ થી નોટીસ તેમજ નં.ટીડીઓ/૬૮૧૪ તા.૧પ–૧ર–૦૮ ના તાકીદના પત્રની નકલ સહ માહિતી અરજદારને પૂરી પડાયેલ જણાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.ર–૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપીલના તબકકે અરજદારે માંગેલ વિગતે નકલ સહિત પુરી પાડવામાં આવેલ હોવાથી અપીલ સબંધી કોઈ હુકમ કરવાનો રહેતો નથી તેથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૦૯.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધના ઝોન,..... જાણ તથા અમલ માટે
(ર) શ્રી ક્રાંતિ ક્રાઈમ,